## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભાષાની ચિંતા કરવાની નહીં... અમે સંભાળી લઈશું... તમારે તો કોઈ પણ મહેમાન મળે એટલે આ કાગળમાં લખેલું વાંચી જવાનું 'DO-MOU' 'MORE - MOU'


# પાર્કીંગ સ્થળોએથી સમિટ અને પ્રદર્શન સ્થળ સુધી ફેરી સેવા

## ૧૪ પાર્કીંગ સ્થળોએ ૬૪ બસો ફેરી માટે મુકવામાં આવી : મહેમાનો-મુલાકાતીઓને લાવવા-લઈ જવા માટે દર દસ મીનીટે એક બસ ફેરી મારશે : ખ-માર્ગ સિવાય મોટા ભાગના રસ્તાઓ ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૬

વાઈબ્રન્ટ સમિટનો અનુસંધાન ૯ જાન્યુ.થી ૧૩ જાન્યુ. દરમ્યાન પાટનગરમાં હજારો-લાખો મુલાકાતીઓ આવશે. આ દરમ્યાન શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ન જાય તે માટે તંત્ર દ્વારા મહાત્મા મંદિર ખાતે સમિટમાં અને પ્રદર્શન સ્થળ સુધી મુલાકાતીઓના સીધા વાહનો પહોંચી ન જાય તે માટે ૧૪ પાર્કીંગ સ્થળો તૈયાર કરવામાં આવ્યા છે. ૧૬ હજાર જેટલા વાહનો પાર્ક થઈ શકે તેટલી ક્ષમતા ધરાવતા આ પાર્કીંગ પ્લેસ મહાત્મા મંદિર અને એક્ઝીબીશન સેન્ટરથી દૂર રાખવામાં આવ્યા છે. કોઈ મુલાકાતીઓને અગવડ ન પડે અને સરળતાથી નિયત સ્થળે પહોંચી શકે તે માટે તંત્રએ પાર્કીંગ પ્લેસ પર ફેરી સેવા ઉપલબ્ધ કરી દીધી છે. પાર્કીંગથી મહાત્મા મંદિર અને એક્ઝીબીશન સુધી મુલાકાતીઓ-મહાનુભાવોને લાવવા-લઈ જવા માટે ૬૪ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. દર દસ મીનીટે બસ મુલાકાતીઓને બેસાડીને ફેરી મારશે.

ટ્રાફીક નિયમન માટે પ્રેસ કોન્ફરન્સ યોજીને જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું કે પાર્કિંગ ઝોન, નોન પાર્કિંગ ઝોન અને ડાયવર્ઝન સહિત મહત્વના સ્થળો નિયત કરવામાં આવ્યા છે. ૧૪૦૦ જેટલા ટ્રાફીક પોલીસ જવાનો ટ્રાફીક-પાર્કીંગ વ્યવસ્થાનું સંકલન કરશે. ભારે વાહનો લેકાવાડા ચાર રસ્તાથી ડાયવર્ઝન આપીને પાલજ, બાસણ સર્કલથી લવારપુર ડાયવર્ટ કરાશે. ગાંધીનગરના રહિશોને સેક્ટર ટુ સેક્ટર જવા માટે કોઈ તકલીફ પડશે નહિ. તે ઉપરાંત ટ્રાફીક વ્યવસ્થા અને પાર્કીંગ કમીટીના ચેરમેન રવિશંકરે જણાવ્યું હતું કે ગાંધીનગરના શહેરીજનો, સ્કૂલના બાળકોની સ્કૂલ બસો અને દૂધના વાહનો તથા એમ્બ્યુલન્સ સેવામાં કોઈ તકલીફ પડશે નહી. ૧૬ જેટલા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ટ્રાફીકનું સંકલન કરશે. ખ-માર્ગ સિવાય મોટા ભાગના રસ્તાઓ ખુલ્લા રહેશે અને વાવોલ ગામથી ગાંધીનગર શહેરમાં આવતો માર્ગ બંધ કરવામાં આવશે.



# ગાંધીનગર મેડીકલ કોલેજમાં એમસીઆઈનું ઈન્સ્પેક્શન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ચાલતા પાંચમા વર્ષના અભ્યાસક્રમની પરિક્ષાની માન્યતાને અનુલક્ષીને આજે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની બે સભ્યોની ટીમ ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી. એમસીઆઈની ટીમ સવારે ૯ કલાકે આવી પહોંચતા કોલેજના સત્તાધિશો કોલેજ ખાતે તુંરત આવી પહોંચ્યા હતા. ત્યારબાદ ટીમ અમદાવાદ ખાતે બી.જે.મેડીકલ કોલેજમાં પહોંચી હતી અને એમસીઆઈની ગાઈડ લાઈન મુજબ પરિક્ષા લેવાઈ રહી છે કે કેમ તેનું નિરીક્ષણ કર્યું હતું.

ત્યારબાદ મોડીરાત્રે ટીમ પરત ફરતા કોલેજ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

પાટનગરમાં આવેલી મેડીકલ કોલેજમાં ચાલતા પાંચમા વર્ષના એમબીબીએસના અભ્યાસક્રમના કોર્ષના સર્ટીફિકેટની માન્યતા માટે કોલેજમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ટીમ દ્વારા ઈન્સ્પેકશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ટીમ દ્વારા એમસીઆઈની ગાઈડલાઈન મુજબ પરિક્ષા લેવાઈ રહી છે કે કેમ, તેમજ પેપર નિયમ મુજબ પ્રસિધ્ધ થાય છે કે નહી તેનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે જ એમસીઆઈની બે સભ્યોની ટીમ કોલેજ ખાતે આવી પહોંચી હતી.

ટીમના સભ્યો દ્વારા કોલેજ કેમ્પસની પણ મુલાકાત લીધી હતી અને ચકાસણી કરાઈ હતી. ત્યારબાદ કોલેજના સતાધિશોને ટીમ આવી હોવાની જાણ થતા જ આવી પહોંચ્યા હતા. ત્યારબાદ ટીમ અમદાવાદ બી.જે.મેડીકલ કોલેજ ખાતે પાંચમા વર્ષના અભ્યાસક્રમની પરિક્ષા ચાલી રહી છે ત્યાં જઈને ગાઈડ લાઈન મુજબ વિવિધ પાસાઓ પર નિરીક્ષણ કર્યુ હતું. પાટનગરની કોલેજમાં ચાલતા પાંચમા વર્ષના અભ્યાસક્રમની પરિક્ષાના સર્ટીફિકેટની માન્યતા માટે ખાસ ટીમ આવી હતી.

આ ટીમ કોલેજમાં અને સંકુલમાં તમામ વિભાગોમાં ફરીને નિરીક્ષણ કરી શકે છે. જેથી એમસીઆઈને અનુલક્ષીને હોસ્પિટલ તંત્ર પણ સાબદુ થઈ ગયું હતું. પાટનગરમાં ચાલતી મેડીકલ કોલેજનું આ છેલ્લુ ઈન્સ્પેકશન હતું. આ ઈન્સ્પેકશન બાદ મેડીકલ કોલેજનો સંપૂર્ણ દરજ્જો મળી જશે. આ ટીમ ઈન્સ્પેકશન બાદ મોડીરાતે દિલ્હી જવા પરત ફરી હતી. ત્યારબાદ કોલેજના સતાધિશોએ રાહતનો દમ લીધો હતો.



## ચિલોડામાં કુતરાઓને લાડુ પીરસવાનું સત્કર્મ કરાયું

હળહળતા કલીયુગમાં પુણ્યનું ભાથુ બાંધી લેવા કાળા માથાનો માનવી પોતાની સમજ મુજબ પ્રવૃત્તિ કરતો હોય છે. જેમાં માનવતાનું ધોરણ પણ ધ્યાને લેવાતુ હોય છે. આવું જ પુણ્યદાન મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ચિલોડામાં કરવામાં આવ્યું હતું. અબોલ પ્રાણી જીવોને ભાવતા ભોજન કરાવી સત્કર્મ કરવાની પ્રવૃત્તિ ચિલોડાના યુવક મિત્ર મંડળ દ્વારા વર્ષોથી કરવામાં આવે છે. જેમાં આ મિત્રમંડળના યુવકોએ લોકફાળો એકત્રિત કરી ચોખ્ખા ઘીના ૨ ૩૦ કિલો લાડુ બનાવીને કુતરાઓને ખવડાવ્યા હતા. યુવક મિત્ર મંડળની આ દાન-પુણ્યની પ્રવૃત્તિને ગામ લોકોએ આવકારીને પુર્ણ્ય સહકાર પુરો પાડે છે. વધુમાં ઢોરને લીલો-સુકો ઘાસચારો પણ નિરવામાં આવે છે. સત્કર્મના કાર્ય થકી જ હજુ પણ આ કળીયુગમાં ચમત્કારોને પ્રાધાન્ય આપવામાં આવે છે અને માનવીને કુદરત ઉપર અપાર ભરોસો રહ્યો છે. ચિલોડાના યુવક મંડળ દ્વારા થતી વર્ષોવર્ષની આ પ્રવૃત્તિ સમગ્ર પંથકમાં તેથી જ પ્રશંસનીય બની છે.

